સોમવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૫
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ


# ભીતરી સુખનો આનંદ



પંચામૃત
નીલાક્ષી પરીખ

**દી**પાવાલીના દિવસો ગયા. ઘરની સાફસફાઈ કરીએ ત્યારે કોઈ અમૂલ્ય વસ્તુ જડી જાય તેમ પૂ. ગુરુદેવે ભીતરી સુખનો આનંદ કેવી રીતે મેળવાય એ ચાવી બતાવેલી, એનું સ્મરણ થઈ આવ્યું તો થયું કે 'ગમતાનો કરીએ ગુલાલ'. આ આનંદના ભાગીદાર આપ સૌ પણ બનો. આવો, જાણીએ કે સુખનો દરિયો તો ભીતર જ છે પણ આપણે આમતેમ ફાંફા મારીએ છીએ.

કહેવાય છે કે મૃગની નાભિમાં કસ્તૂરી નામનો સુગંધિત પદાર્થ છે પણ એ ગંદકીમાં એની શોધ કરે છે. 'મૃગ નાભિમેં સુગંધી, સૂંઘે વો ઘાસ ગંદી' તેવું જ આપણું છે. આંતરિક સુખ, અતિરેક આનંદ ભીતર જ છે પણ આપણે બહાર શોધીને થાકીએ છીએ. રાબિયાની વાત યાદ આવે છે કે, રાબિયા પોતાના ઝૂંપડાથી થોડે દૂર બહાર કંઈ શોધી રહ્યા હતા. એ જમાનામાં લાઈટ તો હતી નહીં, આકાશના તારલા ને ચાંદલિયાના પ્રકાશના આધારે શોધતા હતા. આસપાસના યુવાનોએ પૂછ્યું- શું શોધો? કહે-સોય ખોવાઈ ગઈ છે. જડતી નથી. યુવાનો મદદ કરવાના ભાવથી જોડાયા, ન જડી. કહ્યું: અહીંયા તો જડતી નથી. ચોક્કસ નિશાની કે ઠેકાણું બતાવો તો જડે. રાબિયા કહે, અહીં નથી એ તો થોડે દૂર પડી છે પણ અહીં દીવાનો પ્રકાશ છે અને અજવાળું છે તેથી અહીં શોધું છું. યુવાનો કહે-ના, એ તો એમ ન જડે. જ્યાં ખોવાય હોય ને ત્યાં જ શોધવું પડે ને? રાબિયાએ જોયું કે મોકો છે, હવે ઘા ફટકારાય. કહ્યું- હું પણ એ જ કહું છું કે આંતરિક સુખ, આંતરિક આનંદ આપણી ભીતર જ છે ને બહાર ન શોધાય. સમજાયું?

આવો, આ વાતને પૂ. ગુરુદેવના દૃષ્ટાંતથી સમજીએ. વ્યક્તિ સુખની શોધમાં છે ખરું ને? મનુષ્ય જે કંઈ કરે છે તે સુખ માટે જ કરે છે. પાછું સુખ પણ ઊંચી ક્વોલિટીનું. સાવ નાના સુખમાં શું સંતોષ માનવો? 'ડોન્ટ બી સંતુષ્ટ યાર! વિષય સુખ જ જોઈતું હોય તો થોડું મોટું સુખ, શ્રેષ્ઠ સુખની કામના કરો. વિષય સુખ ભોગવી લીધું, બોલે, તેમાં કંઈ દમ નથી. જમીનજાયદાદનું સુખ જોઈએ, લીધું, અનુભવ્યું એમાં એટલી મજા નથી. એમ કરતા કરતા ઓર વધારે શ્રેષ્ઠ સુખ તરફ ગતિ કરો.

દૃષ્ટાંત- એક કઠિયારો હતો. લાકડા કાપે, વેચે ને ગુજરાન ચલાવે. એક વાર જંગલમાં લાકડા કાપવા ગયો. જંગલમાં ઝૂંપડી બાંધી એક સાધુ રહેતા હતા. તપ કરતા હતા. જોયું કે કોઈ સાધુ મહાત્મા છે એટલે જઈને પ્રણામ કર્યા. સાધુએ આશીર્વાદ આપ્યા. પછી તો આ એનો નિત્યક્રમ થઈ જાય. દિવસો વીત્યા. બાપુએ પૂછ્યું- એલા, શું કરે છે તું? તો કહે-હું કઠિયારો છું બાપુ. ગરીબ માણસ છું. લાકડા કાપું, ને ગુજરાન ચાલે. બાપુ કંઈ એવો ઉપાય બતાવો કે ગમે તે કરી બે છેડા ભેગા કરે. ખાવાનું મળી રહે. સંતે કહ્યું- એક કામ કર. થોડો વધારે જંગલમાં અંદર જા. ત્યાં ચંદનનાં ઝાડ છે. ચંદનના લાકડા વેચીશ તો વધારે પૈસા મળશે. કઠિયારો કહે બાપુ, બરાબર પણ કેટલુંક દૂર થતું હશે? સંત કહે થોડો કિ.મી. અંદર જવાનું છે. તો કહે-બહુ કૃપા કરી બાપુ. પછી એ ગયો.

કઠિયારો અંદર ગયો. જંગલમાંથી ચંદનની સુગંધ આવવા લાગી. એવો શીતળ મંદ સુગંધી પવન વાતો હતો કે મજા આવી ગઈ! ચારે બાજુ ચંદનના ઝાડવા હતા. પછી ચંદનનાં લાકડાં કાપી ભારી બનાવી લઈ ગયો. હવે, રોજ જ્યાં વેચવા જતો ત્યાં તો ન જવાય એટલે એના ખરીદાર વેપારી મળ્યા. એમણે જોયું કે આ તો ઊંચી ક્વોલિટીનું ચંદન છે. કઠિયારાને 100 ગણા રૂપિયા મળ્યા. કઠિયારાને તો મોજ આવી ગઈ. અઠવાડિયું લાકડાં કાપ્યાં, વેચ્યાં. થોડા તમારા આશીર્વાદથી લીલાલહેર થઈ ગઈ હોં! આવક અચાનક વધી ગઈ. સાધુ કહે- સરસ, ચાલુ રાખ. મહિનો થયો. હવે મોટર સાઈકલ લીધી. મોટર સાઈકલ પર પાછળ 2 વખત લાકડા કાપવા જતો. હવે અઠવાડિયામાં 5 દિવસ ફેરા કરવા લાગ્યો. મોટર સાઈકલને કારણે આવન-જાવન સરળ થઈ પણ બાપુને રોજ પગે લાગવા આવતો કારણ કે સુખ તો બાપુના આશીર્વાદથી જ મળ્યું ને?

એમ કરતાં 1 વરસ થયું. રૂપિયા વધ્યા હવે ફોરવ્હીલર લીધી. પાછળ કેરિયર હતો. હવે મોટાં મકાન બનાવ્યાં. બાપુને કહેતો- ''બાપુ, કોઈક દિવસ આપ મારે ઘેર પધારો.'' બાપુ કહે- ''અમે તો જંગલમાં જ સારા; તું અહીં આવીને આશીર્વાદ લઈ જજે.'' ધંધો જામ્યો પાકાં મકાન થયાં. ફોરવ્હીલર આવી ગઈ. એક સરસ ચંદનના લાકડાની દુકાન થઈ ગઈ. ચંદનના લાકડાના વેપારી તરીકે એનું ગામમાં નામ થયું.

2-3 વર્ષ થયાં. રોજ પગે લાગવા આવે. બાપુએ પૂછ્યું- કેમ છે? કહે-બાપુ, લીલાલહેર. તમારા આશીર્વાદથી હું ક્યાંનો ક્યાં પહોંચી ગયો! બાપુ કહે-હજી અંદર ચંદનના વનમાં જા. શું મળશે? બાપુ કહે- ત્યાં ચાંદી છે. કઠિયારો કહે- ભલે બાપુ, મને તમારા વેણમાં શ્રદ્ધા છે. અંદર ગયો


> કેટલાય વખતથી નિરાંતે બેસવાનો સમય મળ્યો ન હતો. ઝાડની છાયામાં પલાંઠી વાળીને બેઠો, ઝરણાનું મીઠું પાણી પીધું

ત્યાં ચાંદી મળી. વધારે મોટો ભવ્ય બંગલો બનાવ્યો, જમીન લીધી 300-400 વીંઘા, 2-3 મોટરગાડી લીધી, માણસ રાખ્યા. એની પત્ની સૂંડલો ઘરેણાં પહેરીને ફરે. 'ઓર અંદર જા. હું તો તને હજુ વધુ સુખ આપવા માંગું છું. કઠિયારો અંદર ગયો. મોટા શહેરમાં ઓફિસ, બંગલો. ગામમાં આવ-જા કરે. ગામમાં આવે ત્યારે શેઠ ઉપાડ્યા ન ઉપડે.

5 વર્ષ થયાં. રોજ સાધુને પ્રણામ કરવા આવે ફોરવ્હીલર હોય. ડ્રાઈવર અને વળી સેક્રેટરી ય ખરો. અને આ ભાઈ સુટમાં! રોજ પગે લાગવાનો ક્રમ ચાલુ જ હતો. બાપુ ઘણી કૃપા કરી. બાપુ કહે-ઓર અંદર જા. કઠિયારો કહે - બાપુ, હજી? કઠિયારો ઓર અંદર ગયો તો મૂલ્યવાન હીરાની ખાણ મળી. પછી તો ઈન્ટરનેશનલ ટ્રાવેલ શરૂ થઈ! 2-3 વર્ષ પછી પોતાનું પ્લેન ખરીદ્યું. જેમ દોડાદોડી વધી એમ ભોગવવા માટે તો બહુ હતું પણ ભોગવવાનો ટાઈમ ન હતો. કંઈક ખૂટે છે. તો બાપુ કહે-'ઓર અંદર જા.' મોટું સુખ તારી વાર જુએ છે. તે ઓર અંદર ગયો. એવી જગ્યાએ ગયો જ્યાં પરમ શાંતિ હતી. ખળખળ વહેતાં ઝરણાં હતાં, પ્રકૃતિના સૌંદર્યની અદ્ભુત છટા હતી. તેને હાશકારો થયો. કેટલાંય વખતથી નિરાંતે બેસવાનો સમય મળ્યો ન હતો. ઝાડની છાયામાં પલાંઠી વાળીને બેઠો, ઝરણાનું મીઠું પાણી પીધું. કેટલી શાંતિ! સાધુ સદ્‌ગુરુની કૃપા! તેને સમજાયું કે આટલા રૂપિયા છતાં ભીતરી સુખનો, આનંદનો અનુભવ થયો ન હતો. કલાકો વીત્યા. ખબર ન રહી. આંખ ખૂલી ત્યારે આંખમાંથી અશ્રુધારા વહી. આનંદનાં અશ્રુ શીતળ હોય ને દુ:ખનાં અશ્રુ ગરમ હોય. એને ખબર પડી ગઈ કે સાચું સુખ તો બસ આમાં જ છે. આ જ તો મનની ચાહ છે ને?

(પૂ. રમેશભાઈ ઓઝા(પૂ.ભાઈ)ના સત્સંગને આધાર)

# કળીયુગના શુકદેવજી
# પૂ. ડોંગરેજી મહારાજ



સંસ્કૃતિ દર્શન
સનત દવે

**19**48ની સાલમાં વડોદરામાં લક્ષ્મણ મહારાજના જંબુબેટ મઠમાં માંડ એકવીસ-બાવીસ વર્ષના યુવાને તેના જીવનની પ્રથમ કથા કરી અને કૃષ્ણ જીવન ચરિત્ર પરની તેની કથાએ ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા. એ યુવા કથાકારનું નામ હતું રામચંદ્ર કેશવ ડોંગરે જે પછી ખૂબ જ આદરણીય સ્થાન પામી ડોંગરેજી મહારાજ તરીકે દેશભરમાં વિખ્યાત થયા. આજે વિક્રમસંવતની તિથિ અનુસાર તેમની 35મી પુણ્યતિથિ છે. તારીખ મુજબ ગયા મહિનાની તા. 8મીએ પુણ્યતિથિ હતી. જો કે આજે તેમની પુણ્યતિથિ પર બરોડા, માલસર, શિનોર અને રતલામ જેવાં અનેક સ્થળોએ ધાર્મિક કાર્યક્રમોના આયોજન થયાં છે.

માતા કમલાબાઈ અને વેદશાસ્ત્રોના પંડિત કેશવ ગણેશ ડોંગરેના ધાર્મિક પરિવારમાં ફાગણ સુદ ત્રીજ ને તા. 15-2-1926ના રોજ જન્મેલા રામચંદ્ર ડોંગરેજીની જન્મભૂમિ મોસાળની પુણ્યનગરી ઈન્દોર છે. ડોંગરેજી મહારાજે કિશોરાવસ્થામાં અમદાવાદના સંન્યાસ આશ્રમમાં તેમજ પૂનામાં સંસ્કૃતનો અભ્યાસ કર્યા બાદ શાસ્ત્રોનો અભ્યાસ વારાણસીમાં કર્યો હતો. વારાણસીના ગંગાતટના આશ્રમમાં શાસ્ત્રોભ્યાસ દરમ્યાન જ મનમાં વૈરાગ્ય પેદા થયો હતો. વારાણસીના વિદ્વાન શ્રી નરસિંહ મહારાજે ડોંગરેજી મહારાજની વાકછટા અને ઊંડા ધર્મજ્ઞાનથી પ્રસન્ન થઈ તેમને શ્રીમદ્ ભાગવત કથાનું અમૃતપાન કરાવવાની દીક્ષા-પ્રેરણા આપી. જો કે માતાના આગ્રહથી શાલિનીબાઈ સાથે વિવાહ કરવા પડ્યા હતા. 24 વર્ષના પ્રસન્ન દાંપત્ય બાદ તેમનાં પત્નીને અલગ નિવાસ કરવો પડ્યો. ડોંગરેજી મહારાજ 'માલસર'ના સત્યનારાયણ મંદિરમાં રહેતા હતા. તેમનાં માતા-પિતા હયાત હતાં ત્યાં સુધી તેઓ તેમને મળવા વડોદરા જતા હતા પણ ત્યાર બાદ તેઓ કારણ વિના ક્યાંય નહીં જતા.

પ્રખર ભાગવત કથાકાર તરીકેની ખ્યાતિ પછી પણ ડોંગરેજી મહારાજનું જીવન તદ્દન સાદગીભર્યું હતું. તેઓ પત્રકારોને કે ટીવી ચેનલોવાળાને મુલાકાત આપતા નહીં. અતિ માન-સમ્માન તેમને પસંદ નહોતું. ફોટોગ્રાફરને પણ દૂર રાખતા. કથા દરમ્યાન કોઈ ફોટોગ્રાફર સામેથી ફોટા પાડતા હોય તો પ્રેમથી નારાજગી બતાવી હટાવી દેતા. પોતે પૂજાય કે તેનો અધિક પ્રચાર થાય તેવું ક્યારેય નહોતા ઈચ્છતા. સરળ અને પ્રભુભક્તિમાં જ સંતજીવન જીવતા. સિલાઈ વગરના માત્ર બે જ વસ્ત્રો રાખતાં, એક ધોતી અને એક ઉપવસ્ત્રમાં હંમેશા જોવા મળતા ડોંગરેજી મહારાજે ધનની અપેક્ષા ક્યારેય રાખી નહોતી. કથામાંથી પ્રાપ્ત થતું ધન હંમેશાં ગૌશાળા, સ્કૂલો, હોસ્પિટલ, અન્નક્ષેત્રો, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ કે મંદિરોના જીર્ણોદ્ધાર અર્થે આપી દેતા. તેઓ ગુરુપદ ક્યારેય સ્વીકારતા નહોતા કે નહોતા એમણે કંઠી બાંધીને કોઈ શિષ્યો બનાવ્યા. જો કે તેમનાં સત્કર્મો, સરળ જીવન અને સૂર્ય જેવા તેજોમય વ્યક્તિત્વથી પ્રેરાઈને હજારો લોકો તેમને મનોમન ગુરુ માને છે. ઘરમાં તસ્વીર રાખી ઘણા બધા ભક્તો તેમની પૂજા-આરતી કરે છે.

વર્તમાને શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવું ઘણું કઠીન છે. સામાન્ય માણસ માટે સૌથી અઘરું કાર્ય છે, કારણ આર્થિક રીતે ખૂબ ખર્ચાળ એવી ભાગવત કથાનું આયોજન આર્થિક રીતે સક્ષમ કે કોઈ મોટી સંસ્થાઓ જ કરી શકે છે. ડોંગરેજી મહારાજ ધનને નહીં પણ સમયની અનુકૂળતા જોઈ સૌને ભાગવત સપ્તાહની તારીખ આપતા. પતિત પાવની સલિલા સરિતા નર્મદાના કાંઠે માંડ 2500ની વસ્તી ધરાવતા માલસર ગામમાં ડોંગરેજી મહારાજ 23 વર્ષ સુધી દર વર્ષે પોષ વદ ચોથથી અગિયાસર સુધી તેમની ભાગવત સપ્તાહનું આયોજન કરતાં એ સાત દિવસ માલસરમાં ઉત્સવ જેવા વાતાવરણ વચ્ચે ધર્મશાળાઓ ઉભરાઈ જતી. પોષ મહિનાના આ સમય દરમ્યાન મહારાજ શ્રી કોઈ જગ્યાએ સપ્તાહની તારીખ નહોતા આપતાં.

સામાન્ય રીતે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન માતા-પિતા કે કોઈ સ્વર્ગસ્થ સ્વજનની પાછળ કરાતું હોય છે પણ ડોંગરેજી મહારાજની પ્રભુના ગુણગાન સાથેની કથાની શૈલી સાદી અને સરળ રહેતી કે નાના-મોટા સૌને સાંભળવામાં ખૂબ રસ પડતો અને એટલે જ કોઈના સ્મરણાર્થે નહીં પણ શ્રદ્ધાથી સૌના કલ્યાણાર્થે ભાગવત સપ્તાહના આયોજન થવા લાગેલા. 1981માં અમદાવાદ ખાતે મહારાજની ભાગવત કથાનું આયોજન થયેલું ત્યારે પાંચ લાખ લોકો કથા સાંભળવા આવતા એ નહીં નોંધાયેલો એક વર્લ્ડ રેકોર્ડ છે. આવા ભવ્ય આયોજન વચ્ચે પણ કિસ્સો નોંધવા જેવો છે. એક બહેન મહારાજશ્રી પાસે કથા કરાવશે એવો સંકલ્પ લીધેલો પણ પછી સપ્તાહનો ખર્ચ ઉઠાવી નહીં શકાય એવી પરિસ્થિતિ થઈ અને એની વાત મહારાજશ્રીને ખબર પડતાં તેમણે કહ્યું કે ભગવાનના ગુણ-ગાન ગાવામાં પૈસાનું મહત્ત્વ નથી જ. આમ મહારાજશ્રીએ એ બહેનનાં ગામ જઈ સપ્તાહ પણ કરી અને કોઈ આર્થિક બોજ ના પડે તેથી સાત દિવસ ચાલે એટલું અનાજ-સીધું પોતાનું લઈને ગયેલા.

> તેઓ પત્રકારોને કે ટીવી ચેનલોવાળાને મુલાકાત આપતા નહીં. માન-સમ્માન તેમને પસંદ નહોતું. ફોટોગ્રાફરને પણ દૂર રાખતા. કથા દરમ્યાન કોઇ ફોટોગ્રાફર સામેથી ફોટા પાડતા હોય તો પ્રેમથી નારાજગી બતાવી હટાવી દેતા. પોતે પૂજાય કે તેનો અધિક પ્રચાર થાય તેવું ક્યારેય નહોતા ઇચ્છતા

એક યજમાનને ત્યાં સપ્તાહનું આયોજન કરાયેલું તો પહેલે જ દિવસે યજમાનના ઘરમાંથી કિંમતી કપડાં અને દાગીનાનું પોટલું ચોરાઈ ગયું. કથામાં વિક્ષેપ ના પડે એટલે ઉહાપોહ કર્યા વગર યજમાન પરિવારે શાંતિ રાખીને કોઈને કશું ના કહ્યું પણ ચોથે દિવસે ચોર યજમાનને પોટલું પાછું આપી ગયો અને કહ્યું કે પોલીસ ફરિયાદ કરીને તમે મને પકડાવી શકો છો, પણ યજમાને કહ્યું કે ચાલ, ડોંગરેજી મહારાજ પાસે, એ જેમ કહેશે તેમ કરીશું. મહારાજશ્રી પાસે આવ્યા. પછી એ ચોરને પૂછવામાં આવ્યું કે તું ચોરી કરી ગયો એ પછી કોઈને ખબર ના હતી કે ચોર તું છે તો ચોરેલી વસ્તુ પાછી આપવા કેમ આવ્યો? ત્યારે ચોરે ચોધાર આંસુએ રડતાં કહ્યું કે હું ચોરીને નીકળી ગયો હોત તો મારી ગામમાં ગેરહાજરીથી લોકોને શંકા જાત અને હું પકડાઈ જાત એવા ડરથી ક્યાંય ગયા વગર ચાર દિવસથી કથા સાંભળું છું. તમારી કથાનો, તમારી વાણીનો એવો જાદુ મારા દિલ પર થયો કે આજે મારું હૃદય પરિવર્તન થઈ ગયું છે. જો કે પછી તેનો ગુનો માફ થઈ ગયો પણ મહારાજશ્રીની અસરદાર અને મધુર વાણીનો આ પ્રભાવ હતો. આજે ભગવદ્ કાર્યને ધંધો બનાવી દઈ શ્રીમદ્ ભાગવત સપ્તાહના લાખો રૂપિયા ચાર્જ કરવા સાથે કથાકાર કહે તેની જ માઈકસિસ્ટમ, મંડપ સર્વિસ સાથે ચેનલો પર પ્રસારિત કરવાના ખર્ચ સાથે જે વ્યવસાયીકરણ કરી દેવાયું છે એવા કથાકારો માટે ડોંગરેજી મહારાજનું જીવન એક મોટી પ્રેરણા કહી શકાય.

તેમનો એક કિસ્સો હૃદયદ્રાવક છે. તેમનાં પત્ની શાલિનીબાઈ આબુમાં રહેતા હતા. શાલિનીબાઈનું મૃત્યુ થયું તે પાંચમે દિવસે મહારાજશ્રીને ખબર પડી. તેના અસ્થિ મહારાજશ્રી સુધી પહોંચી ગયેલ. ડોંગરે મહારાજ મુંબઈના ધનાઢ્ય ભાવિક ભક્ત રતિભાઈ સાથે અસ્થિ ગોદાવરીમાં પધરાવવા નાસિક ગયા. ડોંગરેજી મહારાજે કહ્યું કે રતિભાઈ, અસ્થિ વિસર્જન માટે થોડો ખર્ચ તો થશે પણ મારી પાસે પૈસા નથી. શાલિનીબાઈની કાનની બુટ્ટી મારી પાસે છે તે વેચી આવો તો ખર્ચ જેટલા પૈસા તો મળી રહેશે. રતિભાઈ ચોધાર આંસુએ રડી પડે છે કે કેટલી મહાનતા આ સંતપુરુષની! ધનાઢ્ય ભક્ત સાથે હોવા છતાં આજ્ઞા પણ નથી કરતા. રતિભાઈ જ્યારે પણ આ વાત કરતાં હોય છે ત્યારે ચોક્કસ જ રડી પડે છે.

1990માં આ મહાન સંત પુરુષના વૈકુંઠગમન બાદ દેહને યમુનાજીમાં જળસમાધિ અપાઈ હતી. આજે તેમની 35મી પુણ્યતિથિના અવસરે માલસર ખાતેના આશ્રમે પાદુકાપૂજન, યજ્ઞ, આરતી, પૂજા અને ભોજન-પ્રસાદ જેવા કાર્યક્રમમાં સહભાગી થવા અમદાવાદ, વડોદરા અને મુંબઈ ઉપરાંત દૂર દૂરથી તેમના ભક્તો-ચાહકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હશે. કળીયુગના શુકદેવજી તરીકે ઓળખાતા મહારાજશ્રી માટે 'કળીયુગના કર્ણ' જેવું પણ ઉદ્દબોધન ઘણા કરે છે. તેમની પુણ્યતિથિએ આ યુગપુરુષને શત્ શત્ વંદન.



|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૩૮

# જોગલીલા

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

**નં**દમહોત્સવ શ્રાવણ વદ નોમના દિવસે થયો. નંદમહોત્સવનું મહત્ત્વ અગાઉના લેખોમાં સમજ્યા. વધુ સમજ માટે શ્રીમદ્ ભાગવતનું અધ્યયન જરૂર કરવું જોઈએ કારણ કે ભાગવતના અઢાર હજાર શ્લોકોનો સાર પાંચમા અધ્યાયમાં રહેલા નંદમહોત્સવના 1 થી 18 શ્લોકોમાં છે. નંદમહોત્સવ દરરોજ કરવો જોઈએ અને તેનું ચિંતન કરી મનને શુદ્ધ કરવું જોઈએ. આનાથી મન પર દુ:ખ-સુખની અસર થતી નથી. નંદમહોત્સવની સઘળી ધામધૂમ પૂર્ણ થયા પછી અને મહાબલ ભટ્ટના પ્રસંગ પછી પુરુષોની તેમજ સ્ત્રીઓની સભાનું વિસર્જન કરવામાં આવ્યું.

શ્રાવણ વદ બારસનો દિવસ આવ્યો. આ દિવસે 'જોગલીલા' થઈ. નંદમહોત્સવમાં ભગવાન શંકર પધાર્યા નહોતા. તેઓ સમાધિમાં હતા એટલે તેમને કૃષ્ણ જન્મની ખબર પડી નહિ. સમાધિમાંથી જાગ્યા પછી તેમને અનુભવ થયો કે 'પરમાત્માનો અવતાર કૃષ્ણરૂપે પ્રગટ થયો છે'. શંકર ભગવાને શ્રીકૃષ્ણના દર્શન કરવા માટે નિશ્ચય કર્યો. તેમણે વિચાર્યું કે કોઈને સાથે લેવા નથી. પરંતુ તેમના ખાસ ગણો શૃંગી અને ભૃંગીએ સાથે લઈ જવાની જીદ કરી અને શંકરજી બંને ચેલાઓ સાથે સાધુવેશમાં ગોકુળમાં પધાર્યા. આ 'જોગલીલા' કહેવાય છે કે જેનું વર્ણન શ્રીમદ્ ભાગવત સિવાયના અન્ય પુરાણોમાં છે. સુરદાસજી અને અનેક મહાત્માઓએ પણ આ લીલાનું સુંદર વર્ણન કર્યું છે.


'આજ સુધી જે નિરંજન - નિરપેક્ષ હતા તે આજે દર્શનની અપેક્ષાવાળા બન્યા હતા. જે બ્રહ્મ દુર્લભ હતું, કોઈને દેખાતું ન હતું તે આજે કૃષ્ણ રૂપે સુલભ બન્યું હતું. ભગવાન શંકર સાધુરૂપે લાલજીના દર્શન કરવા યશોદાના આંગણમાં પધાર્યા. એમનું તેજ જોઈ ગોકુળવાસીઓ ચર્ચા કરવા માંડ્યા કે આ કોઈ સાધારણ સાધુ નથી લાગતા. યશોદાજીનો નિયમ હતો કે રોજ સાધુ-બ્રાહ્મણને જમાડી પછી જમવું. આથી તેમણે દાસી મારફતે આ સાધુને ભોજન મોકલાવ્યું. શંકર ભગવાનની આંખ બ્રહ્મચિંતનમાં લીન હતી. તેમણે કહ્યું, "આવી ભિક્ષા માટે હું સાધુ નથી થયો. હું સાધુ થયો છું લાલાના દર્શન માટે. હું તો માત્ર લાલાના દર્શનનો ભિખારી છું. મને લાલાના દર્શન કરાવો મારે બીજું કશું નથી જોઈતું".

યશોદાજીને આશ્ચર્ય થયું અને વિચાર કરવા લાગ્યા કે આ કેવા પ્રકારના સાધુ છે કે જે ભિક્ષા લેવાની ના પાડે છે. તેઓ શંકરજી પાસે આવ્યા અને કહ્યું કે મહારાજ ભિક્ષા ઓછી લાગતી હોય તો આ કામળો આપું, કમંડળ આપું. ગૃહસ્થનો ધર્મ છે કે સાધુ પુરુષનો અનાદર નહિ કરવો જોઈએ અને સાથે જ સાધુનો પણ ધર્મ છે કે જ્યારે ગૃહસ્થના ઘરે જાય ત્યારે તેણે આપેલી ભિક્ષા પ્રેમથી સ્વીકારવી જોઈએ માટે આપ હઠ નહિ કરો. હું તમે જે માંગો તે આપવા તૈયાર છું પરંતુ મારા લાલાને બહાર નહિ કાઢું. મારો લાલો હજુ બાળક છે. તમારા ગળાનો સર્પ જોઈને મારો લાલો ગભરાઈ જશે.

> છેવટે શંકરજીની હઠનો વિજય થયો. યશોદાજી લાલાના ગાલ પર મેશનું ટપકું કરીને બહાર લઇ આવ્યા અને બધાની હાજરી વચ્ચે લાલાનું રડવાનું ગાયબ થઇ ગયું

ત્યારે સાધુવેશમાં રહેલા ભગવાન શંકરે કહ્યું, "મા, તારો લાલો તો કાળનો પણ કાળ, બ્રહ્મનો પણ બ્રહ્મ છે માટે તેને આ જગતમાં કોઈની બીક પણ નહિ લાગે અને કોઈની નજર પણ નહિ લાગે. તમે મને ઓળખતા નથી પરંતુ તમારો લાલો મને ઓળખે છે. એ મને જોતા જ રાજી થઈ જશે. હું બહુ દૂરથી લાલાના દર્શનની ઈચ્છાથી આવ્યો છું. દર્શન કર્યા વગર પાણી પણ પીવાનો નથી. ભલે હું બાર વર્ષ સુધી પણ અહીં બેસી રહીશ પરંતુ લાલાના દર્શન કર્યા વગર જવાનો નથી." આમ કહી શંકરજી એક ઝાડની નીચે જઈને બેસી ગયા.

આ બાજુ લાલાને ખબર પડી કે શંકરજી આવ્યા છે, પરંતુ મા બહાર લઈ જતી નથી. આથી તેણે જોર જોરથી રડવાનું ચાલુ કર્યું. હાથ ઊંચા કરીને બતાવવા માંડ્યું કે મારે બહાર



> ઝાડ નીચે જે સાધુ બેઠા છે તેમના માટે લાલો રડે છે. તે સાધુનો અને લાલાનો જન્મોજન્મનો સંબંધ હોય તેવું લાગે છે. આંગણમાં સાધુ ભૂખ્યા બેસી રહે તે યોગ્ય નથી. તેમને જલ્દી લાલાના દર્શન કરાવો

જવું છે. ગોપીઓ દોડતી આવે છે અને વિચારે છે કે ચાર દિવસમાં તો લાલો બિલકુલ રડ્યો નથી, આજે શું થયું છે? બધા વ્યાકુળ થઈ ગયા છે અને વિચારે છે કે લાલાને આજે થઈ શું ગયું છે?

છેવટે શાંડિલ્ય ઋષિને બોલાવ્યા અને એમને પૂછ્યું કે લાલો ધાવતો પણ નથી અને રડ્યા જ કરે છે, આનું શું કારણ? ઋષિ સમજી ગયા અને કહ્યું કે, "ઝાડ નીચે જે સાધુ બેઠા છે તેમના માટે લાલો રડે છે. તે સાધુનો અને લાલાનો જન્મોજન્મનો સંબંધ હોય તેવું લાગે છે. આંગણમાં સાધુ ભૂખ્યા બેસી રહે તે યોગ્ય નથી. તેમને જલ્દી લાલાના દર્શન કરાવો".

છેવટે શંકરજીની હઠનો વિજય થયો. યશોદાજી લાલાના ગાલ પર મેશનું ટપકું કરીને બહાર લઈ આવ્યા અને બધાની હાજરી વચ્ચે લાલાનું રડવાનું ગાયબ થઈ ગયું. લાલજીની અને શંકરજીની નજર મળતા જ શંકરજીને સમાધિ અવસ્થા પ્રાપ્ત થઈ.

લાલો તેમના દર્શન કરીને આનંદથી હસવા માંડ્યો. શંકર ભગવાને લાલાને પોતાની ગોદમાં માંગ્યો. યશોદાજીએ લાલાને તેમની ગોદમાં બેસાડ્યો. 'હરિ' અને 'હર' એક થયા. 'અભેદ' થયા. ભેદ સંપ્રદાયોએ ઘડેલી વાર્તાઓમાં હોય અભેદમાં નહિ. શંકરને પરમાનંદ થયો. લાલાને ખુશ કરવા તાંડવ નૃત્ય કર્યું અને બાળકૃષ્ણ લાલજીના સ્વરૂપને હૃદયમાં ધારણ કરી કૈલાસધામ પધાર્યા. (ક્રમશ:)